# "ડ્રાઈવીંગ સલામત તો જીવન સલામત"


અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૪.
ફોન, ફેક્સ નં. (૦૭૯) ૨૫૬૨૧૪૪૭
ઈ-મેલ : agtta.gujarat@yahoo.com

75, Sahjanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380004.
Phone, Fax No. :- (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com

| President : | Acting President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MAVJIBHAI B. DODIA | SHRI MUKESHBHAI C. DAVE |
| (Gandhinagar) | (Rajkot) | (Ahmedabad) |
| (O) 79-23250183-84 (R) 79-23259793 | (O) 281-2481900 | (O) 79-25712563-64 (R) 79-26632571 |
| Fax : 79-23250180 (M) 99250 25148 | Fax : 281-2482186 (M) 99794 19191 | Fax : 79-25716584 (M) 98240 39477 |


રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૨-૧૩/૨૧ તા.૧૨-૦૧-૨૦૧૩

પ્રતિશ્રી,
માનનીય શ્રી એસ.એસ.રાઠોર સાહેબ,
અગ્ર સચીવશ્રી - માર્ગ અને મકાન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન-૨૦૦૫ અન્વયે માહિતી આપવા બાબત**
**સંદર્ભ : આપશ્રીના તા.૨૩-૧૧-૧૨ના જુદા જુદા પત્ર નં અગ્રસચિવશ્રી(મા.મ.) આર.ટી.આઈ.-૩૩, ૩૪, ૩૫ અન્વયે**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે અત્રેના તા.૨૧-૧૧-૨૦૧૨ના જુદા જુદા પત્રથી રાઈટ ટુ ઈન્ફોર્મેશનના અધિનિયમ-૨૦૦૫ અન્વયે નિયમાનુસાર રૂ.૨૦/-ની જ્યુડીશીયલ સ્ટેમ્પ કોર્ટ ફી દરેક અરજીમાં લગાડી

૧. વડોદરા-હાલોલ-કાલોલ ટોલ પ્લાઝા, ૨. વટામણ-તારાપુર ચોકડી ટોલપ્લાઝા, ૩. અમદાવાદ-મહેસાણા ટોલપ્લાઝા

ઉપરોકત ટોલપ્લાઝા ઉપર રોડ બનાવવા માટે થયેલ કુલ ખર્ચની રકમ તથા સદર થયેલ કુલ ખર્ચ પૈકી વસુલ કરવાની બાકી રહેતી રકમની વિગત નિયમ મુજબ મંગાવવામાં આવેલ હતી.

ઉપરોકત ત્રણેય અરજીઓ આપશ્રીને મળતા તાત્કાલીક સંદર્ભમાં દર્શાવેલ પત્રોથી લગત ખાતામાં યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપેલ તે પ્રસંશનીય છે.

પરંતુ ત્યારબાદ જે-તે લગત ખાતા દ્વારા જુદા જુદા પત્રોથી ઉપરોકત માંગવામાં આવેલ માહિતી તેઓશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી નથી. તેવા પત્રો આવેલ છે. જેની તમામ પત્રોની ઝેરોક્ષ નકલ આપશ્રીની જાણકારી માટે સામેલ રાખેલ છે.

આમ ઉપરોકત તમામ અરજીઓનો માહિતી અધિકારના અધિનિયમ -૨૦૦૫ મુજબ દિવસ ૩૦માં નીકાલ કરી માહિતી મળવી જોઈએ. તે હજી સુધી મળેલ નથી. તો ઉપરોકત બાબતની માહિતી અત્રે કાર્યાલયમાં તુરત જ મળી જાય તેવી વ્યવસ્થા કરાવવા આપશ્રીને નમ્ર વિનંતી.

ઉપરોકત ત્રણેય પહેલી અરજીઓ તા.૨૧-૧૧-૨૦૧૨ના રોજ કરેલ છે. જેને દોઢ મહિના ઉપર સમય વીતી ગયેલ છે. જેથી ૩૦ દિવસના સમયગાળા પછી અપીલ કરવાનો સમય પણ થઈ થયેલ છે. તો આ બાબતે અમોને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની ઉપરોકત માહિતી તુરત પ્રબંધ કરાવવા વિનંતી.

આભારસહ

આપનો વિશ્વાસુ,

અશોક કે. વ્યાસ
(કાર્યાલયમંત્રી)

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના : માન.શ્રી ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર.